**તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૧૬, સોમવાર ; ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મહેસાણામાં જેલભરો આંદોલન હિંસક બન્યું

**સુરત, મહેસાણામાં મોટાપાયે હિંસા થઈ : મોટી સંખ્યામાં પાટીદારોની અટકાયત : ગોળીબારની પણ ફરજ : સુરત, મહેસાણા, રાજ્યના અન્ય ભાગોમાં પાટીદારો ફરી એક વખત વિફર્યા : મહેસાણામાં સંચારબંધી : અમદાવાદ, સુરત, રાજકોટ અને મહેસાણામાં મોબાઈલ-ઈન્ટરનેટ બંધ**









મહેસાણા,તા. ૧૭

પાટીદાર સમુદાયના જેલમાં રહેલા નેતાઓને મુક્ત કરવા અને પાટીદારોને અનામત આપવાની માંગણીને લઈને સરકાર પર દબાણ લાવવાના હેતુસર આજે મંજૂરી નહીં હોવા છતાં મહેસાણામાં જેલ ભરો આંદોલન કરવામાં આવ્યું હતું. આ આંદોલન એકાએક હિંસક બન્યું હતું અને તેની માઠી અસર રાજ્યના સુરત, અમદાવાદ, રાજકોટ સહિતના ભાગોમાં જોવા મળી હતી અને ચારેય બાજુ તોડફોડ અને હિંસા બનાવો શરૂ થઈ ગયા હતા. મહેસાણા અને સુરતમાં સૌથી વધારે હિંસાના બનાવો બન્યા હતા. મહેસાણામાં સ્થિતિ કાબુ બહાર જતાં આખરે સંચારબંધ લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સાથે સાથે મોબાઈલ ઈન્ટરનેટ સેવા તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. મહેસાણા જેલ ભરો આંદોલનની અસર ચારેય બાજુ જોવા મળી હતી અને જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું હતું. મહેસાણામાં આવતીકાલ સુધી સંચારબંધી લાદી દેવામાં આવી હતી. હિંસાને રોકવા માટે કલમ ૧૪૪ અમલી બનાવવામાં આવી હતી. મહેસાણા જેલ ભરો વેળા તોફાની ટોળા હિંસા પર ઉતરી આવ્યા હતા. હિંસક બનેલા પાટીદાર સમુદાયના લોકોને શાંત પાડવા માટે તમામ પ્રયાસો નિષ્ફળ જતાં આખરે પોલીસને રબરબુલેટ છોડવા, પાણીનો મારો ચલાવવા, લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. મહેસાણા જેલ તરફ આગેકૂચ કરતી વેળા મોઢેરા ચોક ખાતે ટોળાએ બેરિકેડ તોડી પાડ્યા હતા. ગાંધીનગર રેન્જ આઈજી મનોજ શશીધરને કહ્યું હતું કે, પથ્થરમારામાં લાલજી પટેલને ઈજા થઈ છે. પોલીસ લાઠીથી લાલજી પટેલને ઈજા થઈ નથી. તેમણે કહ્યું હતું કે, એક કલાકથી પણ વધુ સમય સુધી હિંસક અથડામણ, તોડફોડ અને આગના બનાવ બાદ સ્થિતિ હવે કાબુ હેઠળ આવી ગઈ છે. વધારાના સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. મહેસાણામાં ટોળાએ પોલીસ સ્ટેશનને ઘેરી લેતા હવામાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી.

ડીજીપી ઈન્ચાર્જ પીપી પાંડેએ કહ્યું હતું કે, વધારાનો પોલીસ કાફલો મોકલવામાં આવી રહ્યો છે. પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગુજરાત બંધનું એલાન

**ગુજરાત બંધને ધ્યાનમાં લઈ પોલીસનો કાફલો ગોઠવાયો : ગુજરાત બંધ શાંતિપૂર્ણ રીતે પસાર થાય તે માટે તમામ સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા : શાંતિ જાળવવા અપીલ**

અમદાવાદ, તા.૧૭

મહેસાણા જેલભરો આંદોલન આજે હિંસક બન્યા બાદ તેના પ્રત્યાઘાત ચારેબાજુ પડ્યા છે ત્યારે હજુ સ્થિતિમાં સુધારો થાય તેવા સંકેત મળી રહ્યા નથી કારણકે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા આવતીકાલે ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા તમામ સંવેદનશીલ જગ્યાઓ પર મજબૂત કરવાની કવાયત પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. આજની હિંસા બાદ આવતીકાલે બંધ વેળા સંપૂર્ણ શાંતિ રહે તે માટે પગલાં લેવાઈ રહ્યા છે. વધારાના દળો તમામ જગ્યાઓએ ગોઠવી દેવામાં આવ્યા છે. જેમાં મહેસાણા, સુરત, રાજકોટ, મોરબી અને અન્ય પાટીદાર વર્ચસ્વવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે. સુરત,મહેસાણામાં વિશેષ કાફલો ગોઠવવામાં આવ્યો છે. અમદાવાદમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. બીજીબાજુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ વિજય રુપાણીએ કહ્યું છે કે, મહેસાણામાં જે બન્યું તે દુર્ભાગ્યપૂર્ણ છે. વાટાઘાટો ચાલી રહી છે,આવતીકાલે પણ વાતચીત થનાર છે. પાટીદાર શાંતિ જાળવી રાખે તે જરૂરી છે. સરકારના પ્રવક્તા નીતિન પટેલે પણ શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. આજની હિંસામાં રાષ્ટ્રવિરોધી તત્વોનો હાથ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન નીતિન પટેલના આવાસ પર ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. મહેસાણા અને સુરતમાં વધારાનો કાફલો મોકલવામાં આવ્યો છે. રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલના આવાસ પર પોલીસ સુરક્ષા વધારવામાં આવી છે. જેલ ભરો આંદોલનને મંજૂરી ન હોવા છતાં આજે આયોજન કરાતાં સ્થિતિ ફરીવાર વણસી ગઈ હતી અને હિંસાની શરૂઆત થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, મહેસાણામાં જે બન્યું તે દુર્ભાગ્યપૂર્ણ છે. વાટાઘાટો ચાલી રહી છે, આવતીકાલે પણ વાતચીત

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં પણ ભારેલો અગ્નિ





**અનેક રૂટોની બસો રદ કરાઈ, અમદાવાદમાં મોબાઈલ-ઈન્ટરનેટ બંધ : અમદાવાદમાં પણ વસ્ત્રાલ, નિકોલ સહિત પાંચ વિસ્તારોમાં બસ બંધ : ઘોટલોડિયામાં બે બસોના કાચ તોડાયા**

અમદાવાદ, તા.૧૭

મહેસાણા જેલભરો આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કરી લીધા બાદ તેની માઠી અસર અમદાવાદ શહેરમાં પણ થઈ હતી. અમદાવાદમાં પાટીદાર વર્ચસ્વ વાળા વિસ્તારોમાં પાટીદારો રસ્તા પર આવી ગયા હતા અને અનેક જગ્યાઓએ તોડફોડ કરી હતી. વસ્ત્રાલ અને નિકોલ વિસ્તારમાં તોડફોડ કરવામાં આવી હતી. મેટ્રો રેલ પ્રોજેક્ટમાં પણ તોડફોડ કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. અમદાવાદ શહેરમાં પણ મોબાઈલ-ઈન્ટરનેટ સેવા સાવચેતીના પગલારૂપે બંધ કરવામાં આવી હતી. સાથે સાથે અન્ય પગલાઓ પણ

● અનુસંધાન પાન-૭ પર


